પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૨૬ | ૬ ફેબ્રુઆરી, ૨૦૧૮, મંગળવાર ; મહા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગીફ્ટસીટીમાં ભીષણ આગ

**ગીફ્ટસીટીની પ્રોજેક્ટ ઓફિસ આગમાં ભસ્મીભુત : વિકરાળ સ્વરૂપ ધારણ કરતી આગને કાબુમાં લેવા ગાંધીનગર ઉપરાંત અમદાવાદ અને કલોલની ફાયરબ્રિગેડની ટીમો પણ બોલાવવી પડી : લાખો લીટર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાઈ : સદ્ભાગ્યે કોઈ જાનહાની નહી**

ગાંધીનગર, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ ગીફ્ટસીટી ગાંધીનગરને અડીને શાહપુર પાસે તૈયાર થયો છે. આ ગીફ્ટસીટીની એડમીન ઓફીસ અને પ્રોજેક્ટ ઓફિસ આજુબાજુમાં છે ઓફિસ આજે બપોરના અરસામાં અચાનક આગમાં લપેટાઈ ગઈ હતી. કોઈ કારણોસર એડમીન ઓફિસમાં આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. આગને કાબુમાં લેવા ગાંધીનગર ઉપરાંત કલોલ અને અમદાવાદની ફાયર બ્રિગેડની ટીમો કામે લાગી ગઈ હતી અને લાખો લીટર પાણીનો મારો ચલાવી ભારે જહેમતને અંતે આગને કાબુમાં લેવાઈ હતી. આ આગ દુર્ઘટનાથી ગીફ્ટસીટીની એડમીન ઓફિસ ભસ્મીભુત થઈ જતા લાખો રૂપિયાનુ નુકશાન થયુ છે. જ્યારે સદનસીબે આ ઘટનાથી કોઈને ઈજા કે કોઈ જાનહાની થવા પામી નથી.

## ફાયર સેફટી મામલે અઠવાડીયા પહેલા જ ગીફટસીટીને ફાયર ઓફિસરે લેટર લખ્યો હતો

ગાંધીનગર ફાયર ઓફિસર મહેશ મોડ દ્વારા અઠવાડીયા પહેલા જ ફાયરસેફટી મામલે ગીફટ સીટી મેનેજમેન્ટને લેટર લખવામાં આવ્યો હતો. ગીફટસીટીમાં ફાયર માટે સ્ટાફ વધારવા અને ફાયર સેફટીને લગતા વાહનો વધારવા અંતર્ગતનો લેટર ફાયર ઓફીસરે ગીફટસીટીને લખ્યો હતો.

## સ્ટાફ ભાગી ન ગયો હોત તો આગ આટલુ મોટુ સ્વરૂપ ધારણ ન કરતી

ગીફટસીટીની પ્રોજેક્ટ ઓફિસમાં આગની શરૂઆત થઈ ત્યારે સાવ સામાન્ય આગ હતી. આ આગને જોઈને સ્ટાફે ભાગદોડ કર્યા વગર ત્યાં મુકવામાં આવેલા ફાયર એસ્ટીંગ્યુઝરનો ઉપયોગ કર્યો હોત તો કદાચ આ આગ શરૂઆતમાં નાના સ્વરૂપે હતી ત્યાં જ બુઝાઈ ગઈ હોત..! પરંતુ એક તરફ સ્ટાફ ગભરાઈને ભાગી ગયો. બીજી તરફ ખુલ્લી જગ્યામાં પવન વધુ ફુંકાતા આગે ઝડપી પ્રસરીને મોટુ સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ. જો કે બે કલાકની જહેમતે આગને કાબુમાં લઈ લેવામાં આવી હતી.





મળતી માહિતી મુજબ ગીફટસીટીની એડમીન ઓફિસ અને પ્રોજેક્ટ ઓફિસમાં આજે બપોરે એકાએક આગ લાગી હતી. ખુલ્લી જગ્યા અને સતત ફુંકાતા પવન ઉપરાંત વુડન ઈન્ટીરીયરને પગલે આગે ધીમે ધીમે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટનાની જાણ થતા ફાયર ઓફિસર મહેશ મોડ તથા તેમની ટીમ સ્તળ પર દોડી ગઈ હતી. બે ફાયર ફાયટર અને બ્રાઉઝર સાથે પહોંચેલી ટીમને આગ બેકાબુ થતી જણાતા તાત્કાલિક વધુ સ્ટાફની જરૂર લાગી હતી. જેને પગલે અમદાવાદ અને કલોલથી પણ બબ્બે ફાયર ફાયટર મંગાવી ત્યાનાં ફાયરબ્રિગેડની મદદ લેવામાં આવી હતી. ત્રણ ફાયરબ્રિગેડના છ ફાયર ફાયટરથી લાખો લીટર પાણીનો મારો ચલાવીને ત્રણેય ટીમોએ ભારે જહેમતને અંતે આગને કાબુમાં લઈ લીધી હતી. આ ઘટનામાં સદ્નસીબે કોઈ જ જાનહાની થવા પામી ન હતી. જો કે મોટુ માલમત્તાને નુકશાન થયુ હોવાની આશંકા છે. આગ લાગવા પાછળનું ચોક્કસ કારણ બહાર આવ્યુ નથી. પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટસર્કિટથી આગ લાગી હોવાનું અનુમાન છે. જો કે આ આગ દુર્ઘટનાથી અનેક તર્ક-વિતર્ક ઉદ્ભવ્યા છે. ઓફિસની ફાયર સેફટી સિસ્ટમ પર પણ સવાલો ઉભા થવા પામ્યા છે.

## ગિફ્ટસીટીના એમડી અને ગ્રુપ સીઈઓ અજય પાંડેનું નિવેદન

અમને જણાવતાં ખેદ થાય છે કે ગિફ્ટસીટીની પ્રોજેક્ટ ઓફિસમાં આજે બપોરે આગ લાગી હતી. આ કામચલાઉ બિલ્ડિંગ અગાઉ એડમિન ઓફિસ તરીકે ઉપયોગમાં લેવાતી હતી. જોકે મોટાભાગના ગિફ્ટના સ્ટાફને ગયા વર્ષે જ નવી બિલ્ડિંગમાં ખસેડવામાં આવ્યો હતો. જેના પગલે કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના બની નથી. અગમચેતીના પગલાંરૂપે આસપાસની તમામ બિલ્ડિંગ્સને ખાલી કરાવવામાં આવી હતી અને ગિફ્ટસીટી મેજનેમેન્ટ દ્વારા તાત્કાલિકપણે સ્થાનિક ફાયર સ્ટેશનને જાણ કરવામાં આવી હતી. એક કલાકમાં જ આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. આગ પાછળનું પ્રાથમિક કારણ શોર્ટસર્કિટ હોય તેમ જણાય છે અને આ ઘટના પાછળના કારણો જાણવા માટે તપાસ ચાલી રહી છે.

## રશિયન પાટનગર મોસ્કોમાં વિક્રમી હિમવર્ષા : એકનું મોત

**ઇતિહાસમાં હજુ સુધીની સૌથી વધુ હિમવર્ષા : ૧૯૫૭માં ૩૮ સેન્ટીમીટર સુધી બરફ પડતા હવે ૪૩ સેન્ટીમીટર બરફ પડતા જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત**



મોસ્કો,તા. ૫

રશિયામાં રેકોર્ડ હિમવર્ષાના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. રશિયાના પાટનગર મોસ્કોમાં રેકોર્ડ હિમવર્ષાના લીધે એક વ્યક્તિનું મોત થયું છે જ્યારે અન્ય પાંચ લોકો ઘાયલ થયા છે. મોસ્કોમાં ગયા શનિવારથી જ તીવ્ર પવન સાથે જોરદાર હિમવર્ષા થઈ રહી છે. સામાન્ય જનજીવન ઠપ થઈ ગયું છે. મોસ્કોના ઈતિહાસમાં હજુ સુધીની સૌથી વધારે હિમવર્ષા થઈ રહી છે. આજે ૪૩ સેન્ટીમીટરથી વધુ બરફ પડતા આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું હતું. આ અગાઉ ૧૯૫૭માં મોસ્કોમાં ૩૮ સેન્ટીમીટર જેટલો બરફ પડ્યો હતો. મોસ્કોના મેયરે માહિતી આપતા કહ્યું છે કે, રેકોર્ડ હિમવર્ષાના લીધે એક વ્યક્તિનું મોત થયું છે.

## પકોડા બનાવવા એ નહિં પણ તેની સરખામણી ભિખારી સાથે કરવી તે શરમજનક : અમિત શાહ

**કોંગી શાસનમાં વ્યાપક ભ્રષ્ટાચાર હતો : રાજ્યસભામાં શાહના કોંગ્રેસ પર પ્રહાર**

નવીદિલ્હી, તા. ૫

ભાજપ અધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ અમિત શાહે આજે સંસદના ઉપલા ગૃહ એટલે કે રાજ્યસભામાં નિવેદન કરીને કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. સાથે સાથે કોંગ્રેસ તરફથી કરવામાં આવી રહેલા આક્ષેપોનો પણ જવાબ આપ્યો હતો. અમિત શાહે યુપીએ સરકારની અવધિનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, આ ગાળા દરમિયાન દેશમાં ભ્રષ્ટાચારની બોલબાલા હતી. દેશ પોલિસી પેરાલીસીસથી ગ્રસ્ત હતું. અમિત શાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભજીયાવાળા નિવેદનને લઈને પણ



બચાવ કર્યો હતો. અમિત શાહે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમના ભજીયા વેચવાની સરખામણીમાં ભિખારી સાથે કરવાને લઈને કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. શાહના આ નિવેદન વેળા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત હતા. અમિત શાહે કહ્યું હતું કે, કરોડો યુવાનો આજે નાના મોટા સ્વરોજગારની દિશામાં આગળ વધી રહ્યા છે. ભજીયા બનાવી રહ્યા છે. તેમની સરખામણી ભિખારી સાથે કરી શકાય નહીં. આ એક પ્રકારની માનસિકતા દેખાઈ આવે છે. ભજીયા બનાવવાની બાબત કોઈ શરમજનક બાબત નથી. તેની સરખામણીમાં ભિખારી સાથે કરવી

● અનુસંધાન પાન-૭ પર

## રાજસ્થાનમાં વસુંધરા રાજે સામે અસંતોષનું મોજુ

**પેટાચૂંટણીમાં કારમા પરાજય બાદ ભાજપની નેતાગીરી સામે એક જૂથ દ્વારા નેતૃત્વ બદલવાની ખુલ્લી માંગ**

જયપુર,તા. ૫

રાજસ્થાનમાં તાજેતરમાં જ યોજાયેલી પેટા ચૂંટણીમાં ભાજપની કારમી હાર થયા બાદ મુખ્યમંત્રી વસુંધરા રાજેની મુશ્કેલી વધી રહી છે. હવે પાર્ટીમાં તેમની સામે બળવાના સુર દેખાઈ રહ્યા છે. પાર્ટીના એક નેતાએ રાજેની સામે મોરચો ખોલીને અમિત શાહને પત્ર લખ્યો છે જેમાં મુખ્યમંત્રી પદેથી વસુંધરા રાજેને તરત દૂર કરવા માટે કહ્યું છે. રાજસ્થાનના કોટાથી જિલ્લા પરિષદના ચેરમેન અશોક ચૌધરીએ અમિત શાહના નામે લખવામાં આવેલા પત્રમાં પ્રદેશને ભાજપ નેતૃત્વને મળેલી કારમી હાર માટે વસુંધરાને જવાબદાર ઠેરવી છે. ચૌધરીએ પત્રમાં કહ્યું છે કે, આ હારના કારણો દેખીતા છે. ભાજપના કાર્યકરો મુખ્યમંત્રી રાજે અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ અશોક

● અનુસંધાન પાન-૭ પર

## શેરબજારમાં વધુ ૩૧૦ પોઈન્ટનો કડાકો

મુંબઈ, તા. ૫

શેરબજારમાં આજે સતત મંદીનો દોર જારી રહ્યો હતો. બ્લેક ફ્રાઈડેની સ્થિતી રહ્યા બાદ આજે ધારણા પ્રમાણે જ બજાર ખુલતાની સાથે મંદીની શરૂઆત થઈ ગઈ હતી અને તે છેલ્લે સુધી જારી રહી હતી.આજે શેરબજારમાં મંદીની સ્થિતી વચ્ચે વધુ ૩૧૦ પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. જેથી તેન સપાટી ઘટીને ૩૪૭૫૭ થઈ ગઈ હતી. આવ જ રીતે નિફ્ટી ૯૪ પોઈન્ટ ઘટીને ૧૦૬૬૭ની નીચી સપાટી પર રહ્યો હતો. છેલ્લા બે કારોબારી સેસનમાં ૧૧૫૦ પોઈન્ટનો ઘટાડો થઈ ચુક્યો છે. આવી સ્થિતીમાં કારોબારી હચમચી ઉઠ્યા છે. કેટલાક નિષ્ણાંતો તો અહીં સુધી કહી રહ્યા છે કે બજારમાં હજુ બે હજાર પોઈન્ટનો ઘટાડો થઈ શકે છે.

કંપનીના પરિણામ પર પણ તમામની નજર રહેનાર છે. હિરો મોટો, લુપિન દ્વારા મંગળવારના દિવસે તેમના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. સિપ્લા અને ઈસર મોટર્સ દ્વારા બુધવારના દિવસે તેમના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. બીપીસીએલ, એચપીસીએલ, એમએન્ડએમ, ઓએનજીસી , એસબીઆઈ અને તાતા સ્ટીલ દ્વારા તેમના પરિણામ શુક્રવારે નવમી ફેબ્રુઆરીના દિવસે જાહેર કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## વ્યાજદર યથાવત રાખવાના સંકેતો

નવી દિલ્હી,તા. ૫

જુદા જુદા પ્રકારના પડકાર, શેરબજારમાં તીવ્ર મંદી વચ્ચે આવતીકાલથી આરબીઆઈ પોલિસી સમીક્ષાની બેઠક શરૂ થઈ રહી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં છ સભ્યોની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી)ની બેઠખ આવતીકાલથી શરૂ થશે. સાતમી ફેબ્રુઆરીના દિવસે આ બેઠકના પરિણામ જાહેર કરવામાં આવશે.

વ્યાજદરમાં કોઈપણ ઘટાડો કરવામાં આવે છે કે કેમ તે અંગેનો ફેંસલો સાતમી ફેબ્રુઆરીના દિવસે લેવાશે. વર્ષ ૨૦૧૭-૧૮ માટે છઠ્ઠી દ્વિમાસિક નાણાંકીય પોલિસી સમીક્ષાની બેઠક યોજાઈ રહી છે. બુધવારના દિવસે બપોરે રિઝર્વ બેંક દ્વારા આ બેઠકના પરિણામ જાહેર કરવામાં આવશે.

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.

લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી

Since 1951 નૂતન ટ્રાવેલ્સ

ઓફિસ : ૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૦૭૯-૨૬૫૬૨૩૨૨/૨૪/૨૫/૧૯૬૬
એર બુકીંગ : ૦૭૯-૨૬૫૬૩૩૫૧ મો. : ૯૪૨૭૪૫૫૨૭૪,૯૪૦૮૯૪૩૭૫૬
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



Rotary
રોટરી ક્લબ ઓફ ગાંધીનગર (RI District 3054) અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર આયોજિત
કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૮ની સમીક્ષા તથા અર્થતંત્ર ઉપર તેની અસર અંગેનું માર્ગદર્શન
છેલ્લા ૧૫ વર્ષથી રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા યોજાતા આ જાહેર પ્રવચનમાં સહુને ભાવભર્યુ નિમંત્રણ છે.
જાહેર પ્રવચન
વક્તા
શ્રી મુકેશ એમ. પટેલ
ખ્યાતનામ એડવોકેટ અને ટેક્ષ કન્સલટન્ટ
તારીખ: ૬ ફેબ્રુઆરી,૨૦૧૮,મંગળવાર
સમય: સાંજે ૬.૦૦ થી ૮.૦૦
સ્થળ: શેઠ શ્રી ખિમજી વિશ્રામ હોલ, કડી કેમ્પસ,સેક્ટર-૨૩, ગાંધીનગર
ખાસ નોંધ : સાંજે ૫.૪૫ સુધીમાં આપની બેઠક લઈ લેવા નમ્ર અનુરોધ છે
Program Supported By KALPA-TARU Power Transmission Limited

Gandhinagar Charitable Trust
Samarpan Education & Research Campus
(English-Medium)-affiliated to Gujarat University

WALK-IN-INTERVIEW

We invite candidates for the following posts. Interested candidates may 'walk–in' for the interview with their update CVs and relevant documents as per the schedule below :

| Samarpan Science & Commerce College | Samarpan School of Law |
|---|---|
| Assistant Professor<br>For Science Disciplines : Chemistry, Physics, Mathematics, Microbiology<br>For Commerce Disciplines : Accountancy, English | For Law Disciplines<br>Principal -1<br>Law Assistant Professor-8 |

Qualification : Candidate should fulfil the eligibility norms as per Gujarat University / UGC / BCI.

Note : 1. Candidate with higher degree (M.Phil., Ph.D.) and work experience will be preferred)
2. All Candidates should register themselves between 10.00 a.m. to 12.00 p.m..

For Admin Department : Accountant (Only Lady Candidate)
Qualification : B.Com. / M.Com. Computer knowledge & account tally work experience will be preferred.

Date : 15th February, 2017, Thursday
Time : 11.00 a.m. to 14.00 p.m.
Venue : SAMARPAN EDUCATION & RESEARCH CAMPUS, B-wing, Nr. KH-7 Circle, B/h. Government Engineering College, Sector 28, GANDHINAGAR-382028

Contact Details : Dr. M. D. PANDE, Registrar, S E R C Office Phone : 9228000033 Mob : 9409274076, Mail-ID : registrar@samarpancampus.ac.in

Date : 06/02/2018

Registrar
Samarpan Education and Research Campus, Gandhinagar